જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૩/૨૦૧૮ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૬૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૫૧૭ લીટર દેશી દારૂ, ૭૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૨૨ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ,૧૬૮,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૬૮/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૬૯/૧૮

**વસ્ત્રાપુરઃ** પિયુષ હસમુખરાય મેખિયા(ઉ.વ.૩૦) (રહે. લેન્ડમાર્ક લોટસ, હીરાધન સીટી પાસે ચાંદખેડા) એ તા.૨૨/૦૩/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૧/૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી આદિત્ય ઘનશ્યામભાઇ કલ્યાણી (રહે. સી/૫૦૪ વિનેશપાર્ક લેન્ડ વેજલપુર) એ એસ.જી.હાઇવે ગુરૂદ્વારા એરટેલના બિલ્ડીંગ ખાતે પિયુષ મેખીયાને ત્રણ મહિનામાં કેનેડાના વર્ક વિઝા કરી આપવાની બાહેધરી આપી રૂપિયા ૮૭,૦૦૦/- લઇ વર્ક વિઝા નહી કરી આપી તેમજ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

## સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ- સમાચાર યાદી નં.૫૭૦/૧૮

**ઘાટલોડીયાઃ** નિરંજનાબહેન જયંતીલાલ કંસાર (ઉ.વ.૬૬) (રહે.કર્ણાવતી વિભાગ-૧ પારસનગર રોડ ઘાટલોડીયા) તા.૨૨/૦૩/૧૮ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા સોલા રોડ આકાશગંગા સોસાયટી આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ નિરંજનાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા૧૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નિરંજનાબહેને ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.વી.ચાવડા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૭૧/૧૮**

**કાગડાપીઠઃ** અજયકુમાર મહાવિરસિગ કુમાર (રહે. મુખ્યમંત્રી આવાસ યોજના સફળ માર્કેટ૩ પાછળ કાગડાપીઠ) એ તા.૦૭/03/૧૮ કલાક ૯/00 વાગે રહેણાંકના પાર્કીગમાં પોતાની હુન્ડાઈ કંપનીની આઈ-૨૦ કાર નંબર ૨૭ એએ ૩૭૫૮ કિમત રૂપિયા ૩,00,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૪/03/૧૮ કલાક ૫/30 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અજયકુમારે તા.૨૨/03/૧૮ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી ડી.વી.ખરાડી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૭૨/૧૮**

**વેજલપુરઃ** રિતુ કાલેશ્રરમુશાહાર (રિષી) (ઉ.વ.૪૮) (રહે.લેબર કોલોની મેટ્રો ડેપો ગ્યાસપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/03/૧૮ કલાક ૧૦/00 થી ૧૨/૪૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દોરડું બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હરદેવસિંહ નટવરસિંહ ચલાવે છે.

**સરદારનગરઃ** જીતેન્દ્ર ઉર્ફે જીતુ અમરતભાઇ ઝંડાવાળા (રહે. નહેરુનગરના છાપરાં કુબેરનગર સરદારનગર) એ અગમ્યા કારણસર તા.૨૨/03/૧૮ કલાક ૯/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ અર્જુનસિહચલાવે છે.

**નારોલઃ** ધરતીબહેન ડો/ઓ મીનેશકુમાર ઠક્કર (ઉ.વ.૧૬) (રહે. સમ્રાટનગર ઇસનપુર નારોલ) એ અગમ્યા કારણસર તા.૨૨/03/૧૮ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાંરૂમાલ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિક્રમસિંહ અમરસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.